PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

# કોશિશ થી કામયાબી

Since 1-8-1974

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ ડિસેમ્બર-૨૦૨૧, અંક નં. ૧૦૮ / ૪૭

## કોક્લિયર ઈમ્પ્લાન્ટ

### બહેરાં - મૂંગા માટે આશા કિરણ



પરંતુ માત્ર ઈમ્પ્લાન્ટથી મૂંગુ બાળક બોલતું થઈ જશે તેવા ભ્રમમાં રહેવું નહીં.

- પેજ નં. ૫

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2019-21◆ Monthly
Date of Publication : 15 December-21 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# તસ્વીર સમાચાર


નેશનલ કોન્ફરન્સ ઉદ્ઘાટન


વિદાય સમારંભ



વિમલાલક્ષ્મી સ્ટાફ વેલ્ફેર ફંડ



રશ્મિ મનહર સહાયનિધિ ફંડ


વાલી મીટિંગ


નવરાત્રીની ઉજવણી


વેક્સિનેશન કેમ્પ


નંદકુંવરબા શાળા મુલાકાત

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- INDEX . . . . . . . . . . . . . . . . . . ૦૩
- CONTENTS AT A GLANCE. . . . . . ૦૪
- કોક્લિયર ઈમ્પ્લાન્ટ - બહેરાં મૂંગા બાળક માટે આશા કિરણ . . . . . . . ૦૫
- પી.એન.આર. સોસાયટીનું સન્માન . . ૦૬
- અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર બહેરાં-મૂંગા શાળાનો વાતોડિયો વિદ્યાર્થી એટલે ઈવાન . . . . . . . . . ૦૬
- તળાજા રિસોર્સ સેન્ટર. . . . . . . . . . ૦૬
- ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ (વેબિનાર)નું સમાપન . . . . ૦૭
- પી.એન.આર. હોસ્પિટલ - દાતાશ્રીનો અભિપ્રાય . . . . . . . . . ૦૭
- પી.એન.આર. હોસ્પિટલ. . . . . . . . . ૦૮
- મુખ્યમંત્રીશ્રીને ભેટ. . . . . . . . . . . ૦૮
- સ્લો-લર્નર પ્રોજેક્ટ. . . . . . . . . . . ૦૮
- VCL - શ્રી રશ્મિકાંતભાઈ શાહના સ્મરણાર્થે સિવણ વર્ગનો પ્રારંભ . . . . ૦૯
- VCL - ૧૦૨ વર્ષના માજીનું આંખના મોતિયાનું સફળ ઓપરેશન . . . . . . ૦૯
- Hightech શાળા. . . . . . . . . . . . ૧૦
- C.P. શાળા . . . . . . . . . . . . . . ૧૧
- બહેરાં મૂંગા શાળા. . . . . . . . . . . ૧૨
- KLID : CMP - Mehta Hostel. . . . . ૧૪
- સ્નેહ સંમેલન . . . . . . . . . . . . . ૧૪
- KLID : PRV - TTC . . . . . . . . . . ૧૫
- 'અંકુર' શાળા . . . . . . . . . . . . . ૧૬
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ . . . . . . . ૧૮
- નિરામયા હેલ્થ પોલિસીની સફળતા . . ૧૮
- 'દિવ્યાંગોની સાફલ્ય ગાથાઓ' . . . . ૧૯
- દિવ્યાંગોને સમાજનો સહકાર . . . . . ૨૦
- અમો ઋણી છીએ દાતાઓના . . . . . ૨૧
- 'કોર્પસ ફંડમાંથી સહાય' . . . . . . . . ૨૨


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

## "ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈજા"

**વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન**ના રિપોર્ટ પ્રમાણે અત્યારે યુરોપમાં કોરોના વકરી રહયો છે. એક સપ્તાહમાં કોરોના મોતમાં ૧૦ ટકા વૃધ્ધિ થઈ છે. યુરોપિયન ડાયરેકટર હંસ કલુવેએ કહ્યું છે કે, 'યુરોપ ફરી કોરોનાનું એ.પી. સેન્ટર બનવા લાગ્યું છે.' યુરોપની વસ્તી ૭૫ કરોડ જેટલી છે. યુરોપમાં દર અઠવાડિયે ૧૦ લાખથી વધુ કેસ થાય છે. છેલ્લાં એક સપ્તાહમાં બ્રિટનમાં ૧૨૦૦થી વધુ મોત અને જર્મનીમાં ૯૫૦થી વધુ લોકોના મોત થયા છે તથા આજના એક દિવસમાં, બ્રિટનમાં ૪૦ હજારથી વધુ કેસ અને જર્મનીમાં ૭૫ હજારથી વધુ કેસ થયા છે. સાથે જ યુરોપના અન્ય દેશોમાં અને વિશ્વના બીજા દેશોમાં કોરોનાની ત્રીજી-ચોથી લહેર ફેલાય રહયાના સમાચારો વિચલીત કરે છે, ત્યાંજ બીજા ડરામણાં સમાચાર આવ્યાં છે કે, દક્ષિણ આફ્રિકાના બોત્સવાનામાં કોરોનાનો નવો વેરિયન્ટ (B.1.1.529) મળી આવ્યો છે. જે માત્ર ૧૫ દિવસમાં ફેલાય છે, જયારે અગાવનો ખતરનાક ડેલ્ટા વેરિયન્ટ ૧૦૦ દિવસમાં ફેલાતો હતો. ભારતના સ્વાસ્થ્ય મંત્રીએ ૨૪ કલાકમાં ૧૩૦૯૧ નોધાયેલા કેસમાં ૩૪૦ લોકોના કોરોનાથી મોત થયાનો અહેવાલ આપેલ. દેશમાં રસીકરણની પ્રક્રિયાને વધુ વેગવાન બનાવવા ઉપરાંત, રાજય સરકાર પણ બેદરકાર જનતા પાસેથી માસ્ક નહીં પહેરવા માટે મોટી રકમ પણ વસૂલી રહી છે. યાત્રાઓ/લગ્ન પ્રસંગો, ચૂંટણીઓનો ધમધમાટ પણ શરૂ થયો છે, પ્રાથમિક સ્કૂલો શરૂ થઈ ગઈ છે. દેશની પ્રગતિમાં લાગેલ બે વરસની **બ્રેક** બાદ, તેની પૂર્તિ માટેના પ્રયત્નો શરૂ થઈ ગયા છે. આ બધા વચ્ચે વિકલ્પ એક જ છે કે, કોરોના અટકાયતના નિયમોનું પાલન કરીને, અન્ય બિમારીઓની સાથે કોરોનાને પણ સ્વિકારીને આગળ વધીએ. ભાવિ સફળતાઓ કોરોનાના આઘાતને ભૂલાવી દેશે, તેવી આશા રાખીએ...

**✍ કિરીટ રાઠોડ**

***A leader is best when people barely know he exists, when his work is done, his aim fulfilled, they will say ; we did it ourselves.***


**- Lao Tzu**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2019-21, Monthly
- **અંક નં. : ૧૦૮ / ૪૭૪**
  ૧૫ ડિસેમ્બર - ૨૦૨૧
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail :** info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us :** www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ, ગાંધીનગર.**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક "શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **નેહલ ત્રિવેદી**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**



- **જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| કવાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE



K. D. PADIA

## ◈ KLID Allround Activism

Enlighteninig parents of cochlearimplant beneficiaries, rendering Navnit link to parents for advancement of their wards at home, covid 19 vaccine camp on World Deaf Day, visits of students to Nandkunvarba Kanya Vidhyalaya and local Vidhyavihar Educational campus as a part of socialization and interaction, its Teachers Training College concluding 2 year diploma for education of deafs and above all, its services to disable by providing aids and appliances at charitable rates through its own workshop have been part of activism of the K.L.Institute for the Deaf (KLID).

## ◈ 'Ankur'Touches New High

Ankur special school for Mentally Retarded children has been busy taking new initiatives for socializing and empowering MR children. Besides celebrating festivals it has been organising periodical parents training, assessment camps and keeping abreast of the developments taking place in the world in the field through webinars. Recent introduction of training for operating photocopier to its wards as a part of vocational training has been a hallmark!

## ◈ PNR High Tech School's Impressive March

High-Tech Inclusive School of the PNR Society besides rendering education from Nursery to XII th Std to students, it is far ahead in cashingfestivals to educate its wards - normal and disable-of history, country and outside world. Besides celebrating festivals according to their importance in life, it took a precious initiative of running of campaign for cleanliness on the eve of 75th Anniversary of the Independence of India.

## ◈ Other Activites

C.P.School's socialization of its wards, PNR Hospital's continued medical treatments to disable and the poor patients, success of Niramaya Health Policy of National Trust, New Delhi, activity of Disha Cum Vikas Project of National Trust, success stories, encouragement to Inclusive Education through Write Paper and a bunch of good news for disable have found place in this issue.





Navratri Celeration

# કોક્લિયર ઈમ્પ્લાન્ટ બહેરાં - મૂંગા બાળક માટે આશા કિરણ

કવિતા પારસ શાહ



વિજ્ઞાનના અવનવા સંશોધનની મદદથી માનવીએ આજે પ્રકૃત્તિને પડકાર ફેંકયો છે. ઈશ્વરે બનાવેલા માનવ દેહમાં કોઈ કારણસર ખામી રહી જાય તો તેને દૂર કરવા માટે **" પ્રત્યારોપણ"** એટલે કે સર્જરીથી ઉપાય થવા લાગ્યાં છે. માનવ શરીરના હૃદયથી માંડી ટચૂકડા કાન સુધીનું પ્રત્યારોપણ આજે શકય બન્યું છે. જન્મથી કે જન્મ પછી બહેરાં થયેલાં બાળકને માટે **કોકલિયર ઈમ્પ્લાન્ટ** ઉપયોગી છે. એક ઈમ્પ્લાન્ટનો ખર્ચ દસ થી બાર લાખ રૂપિયા થવા જાય છે. જે આમ જનતાની પહોંચની બહાર છે. પરંતુ ગુજરાત સરકારે તે નિઃશૂલ્ક થઈ શકે તે માટે સહાય કરે છે. આ પ્રત્યારોપણ નિઃશૂલ્ક થતું હોય વાલીઓ ઉત્સાહભેર પોતાના બાળકની સર્જરી કરાવવા દોડધામ કરે છે અને સર્જરી કરાવતા જ પોતાનું બાળક બોલતું થઈ જશે તેવા ભ્રમમાં રહે છે. પરંતુ કોઈ બાળક જન્મે એટલે તુરંત જ બોલવા લાગતું નથી, માત્ર રડે છે. અને પછી પોતાના આજુબાજુના પર્યાવરણમાંથી આવતા અવાજો સાંભળે છે, તે મગજમાં સંગ્રહિત કરે છે. પછી ધીમે-ધીમે બેંબલીંગ કરે છે, ત્યારબાદ પા...પા, બા...બા, જેવું ઉચ્ચારણ કરે, પછી શબ્દ અને નાના-નાના વાક્ય બોલવાની શરૂઆત કરે છે, તેને બે થી અઢી વર્ષનો સમય લાગે છે.

**પરંતુ માત્ર ઈમ્પ્લાન્ટથી મૂંગુ બાળક બોલતું થઈ જશે તેવા ભ્રમમાં રહેવું નહીં.**

ઈમ્પ્લાન્ટ કરાવનાર એજન્સીએ બાળકના વાલીનું કાઉન્સેલિંગ કરીને આ વાત સમજાવવી જોઈએ. જેથી વાલી કોઈ ભ્રમમાં રહે નહીં. ઈમ્પ્લાન્ટ સર્જરી પછી બાળકની સાથે ઈશારા બંધ કરવાના, સતત બોલતું વાતાવરણ આપવાનું, હંમેશા સ્પીચ થેરાપી કરાવવાની, ઓડિટરી ટ્રેનિંગ આપવાની જરૂરત રહેશે, તેમ માર્ગદર્શન આપવું જોઈએ. બાળકના ઈમ્પ્લાન્ટ સાથે માથાના પાછળના ભાગે External Sound Processor મૂકવામાં આવે છે, એ બેટરીથી ઓપરેટ થાય છે. આ બેટરી અને થેરાપીનો ખર્ચ માસિક રૂા. દસ હજાર જેવો સહેજે થઈ જાય છે, અને બાળકને માથામાં વાગી જાય, મશીનને નુકશાન થાય, પાણી લાગી જાય તો રીપેરિંગનો ખર્ચ હજારો રૂપિયા થવા જાય છે. એ સાધારણ માનવીને પરવડતો નથી, આ વાત પણ અને તેમાં સરકારની સહાય મળતી નથી તે વાલીને સ્પષ્ટ સમજાવવી જોઈએ.



કોકલિયર ઈમ્પ્લાન્ટ માટે બાળકની આદર્શ વય ૦ થી ૨ વર્ષની ગણાય છે, જેમ **પાકા ઘડે કાઠા ન ચડે** તેમ ઉંમર મોટી થતી જાય તેમ સારું બોલવાના ચાન્સ ધૂંધળા થતા જાય છે. આમ, કોકલિયર ઈમ્પ્લાન્ટ સારું છે, તેનાથી બાળકનું જીવન સુધરી જાય છે. પરંતુ તેમાં ઉંમર, વાલીની અને થેરાપીસ્ટની મહેનત તથા ખર્ચની પણ તૈયારી રાખવી પડે, તે કાઉન્સેલિંગમાં સમજાવવું જરૂરી છે.

**ઈમ્પ્લાન્ટ પછી દર મહિને થેરાપી અને મશીનના પાવરનો ખર્ચ રૂા. ૧૦,૦૦૦/- જેવો થવા જાય છે, તે સામાન્ય વાલીને પરવડતો નથી.**

# પી.એન.આર. સોસાયટીનું સન્માન



ભાવનગર શહેરની સુપ્રસિધ્ધ સેવા સંસ્થા શિશુવિહાર ખાતે, સ્વ. માનભાઈ ભટ્ટની સ્મૃતિમાં ૩૧મો નાગરિક સન્માન સમારોહ યોજાયો હતો. સ્વતંત્રતાના અમૃત મહોત્સવ પ્રસંગે રાજયની ૭૫ સ્વૈચ્છિક સંસ્થાઓની સાથે પી.એન.આર. સોસાયટીનું પણ સન્માન કરવામાં આવેલ. આ **સન્માન પત્ર** સંસ્થા વતી મહામંત્રી શ્રી પારસભાઈ શાહે સ્વિકારેલ.

# અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર બહેરાં-મૂંગા શાળાનો વાતોડિયો વિદ્યાર્થી એટલે ઈવાન

ઈવાન આવતાની સાથે જ વર્ગ લાઈવ લાગે. તેના શિક્ષકને તે ઘરે બનેલ દરેક ઘટનાથી વાકેફ કરવા તત્પર જ હોય. ઈવાન અઢી વર્ષનો થયો ત્યારે તેમના માતા-પિતાને ખ્યાલ આવ્યો કે, નોર્મલ બાળક કરતા કાંઈક જુદી સ્પીચ છે. તેથી ભાવનગરના બાળકોના ડૉક્ટરે તેમને ઓડિયોલોજીસ્ટ પાસે ઓડિયોગ્રામ કઢાવવા જણાવેલ.




તેઓ કે. એલ. ઈન્સ્ટીટયુટમાં આવ્યા ત્યારે, ઓડિયોગ્રામ કઢાવ્યો. કાનમાં ૯૦ ટકા હિયરિંગ લોસ આવ્યો. શાળાના **અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર**માં તે લગભગ બે મહિનાથી આવે છે. સ્પેશ્યલ શિક્ષક દ્વારા ભાષા અને વાણીની ટ્રેનિંગ આપવામાં આવે છે અને માતાને પણ માર્ગદર્શન આપવામાં આવે છે. આમ માતા અને સ્પેશ્યલ શિક્ષકના સહિયારા પ્રયાસથી ઈવાન નિયમિત શ્રવણયંત્ર પહેરે છે અને હાલ નાના-નાના વાકયો પણ બોલે છે. ભવિષ્યમાં ઈવાન પણ રેગ્યુલર સ્કૂલમાં ઈન્ટીગ્રેટ થશે તેવી આશા છે.

# તળાજા રિસોર્સ સેન્ટર

પી.એન.આર. સોસાયટી સંચાલિત, શ્રી એન.આર. શાહ મેમોરીયલ હોસ્પિટલ, તળાજા ખાતે ચાલતા, **મગજના લકવાગ્રસ્ત તેમજ મંદબુધ્ધિ દિવ્યાંગ બાળકોના રિસોર્સ સેન્ટર** ઉપર, દિવ્યાંગ બાળકો દ્વારા માતાજીની આસ્થાનું પર્વ **નવરાત્રી**ની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં દિવ્યાંગ બાળકો દ્વારા ટ્રેડિશનલ ડ્રેસ પહેરીને ગરબા રમવાનો આનંદ માણ્યો હતો. તેમજ કાર્યક્રમના અંતે ૨૫ થી વધુ દિવ્યાંગ બાળકોને નાસ્તો તથા ટિફિનબોક્સ, અને પાણીની બોટલનું વિતરણ, દાતાશ્રી જેન્તીભાઈ ભગવાનભાઈ સરવૈયા (બુઢણાવાળા) તરફથી કરવામાં આવ્યું હતું. સેન્ટરના પંકજભાઈ કટકિયા (સ્પેશિયલ એજ્યુકેટર) દ્વારા દાતાશ્રીનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.



## શ્રી શાહ ખીમચંદ લક્ષ્મીચંદ બહેરાં-મૂંગા શાળામાં

# ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ (વેબિનાર)નું સમાપન




શ્રી શાહ ખીમચંદ લક્ષ્મીચંદ બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટ સંચાલિત **શ્રી કે. કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કોલેજ** દ્વારા તા. ૨૫,૨૬,૨૭ નવેમ્બર-'૨૧ દરમ્યાન ભારતીય પુનર્વાસ પરિષદ નવી દિલ્હીની માન્યતા પ્રાપ્ત ત્રણ દિવસીય **આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ (વેબિનાર)** નું આયોજન, ગવર્નમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ફોર ઈન્ટલેકચ્યુઅલ ડિસેબિલિટી (GRIID) ચંડિગઢના સહયોગથી **'કન્ટેમ્પરી ચેલેંઝિસ ઈન ધ એજ્યુકેશન ઓફ ચિલ્ડ્રન વીથ ડિસેબિલિટી અપેડેમિક એનાલિસિસ'** વિષય પર કરવામાં આવેલ. જેનો ઉદ્‌ઘાટન સમારંભ સંસ્થાના મહાવીર ઓડિટોરિયમમાં કરવામાં આવેલ. જેમાં મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના રજીસ્ટ્રાર શ્રી કે. એલ. ભટ્ટ સાહેબ, ગ્રીડ ચંડિગઢના જોઈન્ટ ડાયરેક્ટર શ્રી પ્રીતિ અરુણ મેડમ, સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, ટીચર્સ ટ્રેનિંગ કોલેજના ચેરમેનશ્રી ડી. જે. ધંધુકિયા, શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા, શ્રી શૈલેષભાઈ દવે અને કોલેજના પ્રિન્સિપાલ શ્રી સંતોષભાઈ યાદવ હાજર રહેલ.

આ ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં કુલ પાંચ આંતરરાષ્ટ્રીય સ્પીકર તથા ૨૧ રાષ્ટ્રીય સ્પીકર અને ચેરપર્સન તરીકે અલગ-અલગ મુદ્દા પર 'ઝૂમ' પ્લટફોર્મ પર ચર્ચા કરી. જેમાં ભારતના જુદા-જુદા રાજ્યમાંથી ૩૦૦ જેટલા વિશિષ્ટ શિક્ષકો, પુનર્વાસ વ્યવસાયીઓ, મનોચિકિત્સકો, વાલીઓ તથા સમાજસેવીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો. તેમજ કોન્ફરન્સના ટેકનિકલ સેશનમાં ૧૨ રાષ્ટ્રીય નિષ્ણાંતો દ્વારા ગૂગલ મીટ પર ૩૦ રિસર્ચ પેપર અને ૧૦ પોસ્ટર પ્રેઝન્ટેશન કરવામાં આવેલ તથા કોન્ફરન્સના હેતુ સિધ્ધ કરવામાં આવેલ. સમગ્ર કોન્ફરન્સને ઝૂમ, ગૂગલ મીટ અને યૂ ટ્યૂબ જેવા સોશિયલ મિડીયા પર જીવંત પ્રસારણ કરવામાં આવ્યું અને રિયલ ટાઈમમાં સાંકેતિક ભાષામાં અનુવાદ સંસ્થાના માધ્યમિક શાખાના ૪ શિક્ષકો દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમના સમાપન સમારોહમાં વિભાગાધ્યક્ષો, ટ્રસ્ટી અને આમંત્રિત મહેમાનો, ગ્રીડ ચંડિગઢના સ્ટાફ કો-ઓર્ડિનેટર ડૉ. નાજલી, ડૉ. વસીમ, વોલેન્ટીયર્સ તથા કોલેજના તાલીમાર્થીઓ ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના પ્રિન્સિપાલશ્રી સંતોષભાઈ યાદવ અને ગ્રીડ ચંડીગઢ દ્વારા કરવામાં આવેલ.

# પી.એન.આર. હોસ્પિટલ

રાજેન્દ્રભાઈ દેસાઈ (વણજારા) દાંતની ટ્રીટમેન્ટ માટે હોસ્પિટલમાં આવતા, હોસ્પિટલમાં સામાન્ય દર્દીને અપાતી ટ્રીટમેન્ટથી પ્રભાવિત થઈ દાન આપવાની ભાવના થયેલ અને તેઓએ તેમના માતુશ્રી સ્વ.લલીતાબેન મનસુખલાલ વણજારાની સ્મૃતિમાં ત્રણ લાખ રૂપિયા ડોનેશન કરેલ છે. આ રકમનો ચેક હોસ્પિટલ કમીટિના ચેરમેન શ્રી મહાસુખભાઈ જકડિયાએ સંસ્થા વતી સ્વીકારેલ.




# દાતાશ્રીનો અભિપ્રાય

'મારે પી.એન.આર. હોસ્પિટલના દાંત વિભાગમાં સારવાર માટે અવાર-નવાર આવવાનું થતું. ત્યારે આ હોસ્પિટલમાં રાહતદરે નિદાન તથા સારવાર થાય છે, અને MBBS ડૉક્ટર ફકત રૂા. ૧૦/- માં તપાસી દવા આપે છે, આ મારી નજરે અનુભવ્યું છે, મારા માતુશ્રી સ્વ. લલીતાબેન મનસુખલાલ વણજારાની સ્મૃતિમાં રકમ વાપરવા મનમાં નિર્ણય થયો. તે રકમ રૂા. ત્રણ લાખ હોસ્પિટલ માટે અર્પણ કરેલ છે.'

**- વણજારા રાજેન્દ્રભાઈ મનસુખલાલ, ભાવનગર.**



# પી. એન. આર. હૉસ્પિટલ

મહાસુખભાઈ જકડિયા



**ઓક્ટોબર-'૨૧ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહત દરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા | વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ઓર્થોપેડિક | ૧૩૬ | ૦૯ | લેબોરેટરી | ૩૦૫ | ૧૧૩૯ (ટેસ્ટ) |
| આંખ | ૭૨૭ | ૨૫૭ | રૂબેલા | ૦૨ | - |
| ઈ.એન.ટી. | ૬૨૬ | ૦૩ | ચામડી | ૩૯ | - |
| માઈનર પ્રોસિઝર | ૩૨૦ | - | પીડિયાટ્રીક ડેન્ટલ | - | - |
| ઓર્થોસ્કોપી | ૩૮ | - | આઈ રેટિના | ૦૪ | - |
| હેર ઈમ્પ્લાન્ટ | ૦૮ | ૦૪ | પ્લાસ્ટિક સર્જરી | ૨૨ | ૧૧ |
| ઓર્થોડેન્ટલ | ૮૦ | ૮૯ (ટ્રિટમેન્ટ) | ત્રાંસી આંખ | - | - |
| જનરલ ઓપીડી | ૭૨૫ | - | કોરોના વેકિસન | - | - |
| એક્ષ-રે | ૬૭ | - | ઓરલ સર્જન | - | - (ટ્રિટમેન્ટ) |

## મુખ્યમંત્રીશ્રીને અર્પણ

ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નિવાસ્થાને, પી.એન.આર. સોસાયટીની વિકાસગાથાનો અહેવાલ દર્શાવતા પુસ્તકો 'સપનાના વાવેતર', 'રે ઓફ હોપ', 'માતાના મુખેથી' તથા દિવ્યાંગો રચિત કૃતિ, સંસ્થાના મહામંત્રી શ્રી પારસભાઈ શાહ તથા શ્રીમતી કવિતાબેન પારસભાઈ શાહે અર્પણ કરેલ, અને સંસ્થાની મુલાકાત લેવા નિમંત્રણ આપેલ.




## સ્લો-લર્નર પ્રોજેકટ

સ્લો લર્નર પ્રોજેકટ અંતર્ગત, અમરેલી જિલ્લાના કલેકટરશ્રી ગૌરાંગભાઈ મકવાણાની, પી.એન.આર. સોસાયટીના મહામંત્રી શ્રી પારસભાઈ શાહ અને સહમંત્રી શ્રી ધીરૂભાઈ ધંધુકિયાએ મુલાકાત કરી હતી. જેમાં કોરોનાના કારણે આ પ્રોજેકટની કામગીરી ધીમી પડી ગયેલ હતી, તેને ગતિમાં લાવવાના આયોજનની ચર્ચા કરી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે, અમરેલી જિલ્લાના ખાણ-ખનીજ વિભાગમાં આવતાં **૦૮** તાલુકાઓની **૫૬** ગામોની **૮૭** શાળાઓના **૩૦૦૦** બાળકો, સ્લો-લર્નર કે લર્નિંગ



ડિસેબિલિટી ધરાવે છે. આવા બાળકોને શોધી, તેમને અનુકૂલન સાધી, પુનઃસ્થાપન કરવાનો આ પ્રોજેકટનો હેતુ છે, જે પ્રોજેકટ પી.એન.આર. સોસાયટી, ભાવનગર ચલાવી રહી છે.



મનસુખ સોરઠિયા

# શ્રી રશ્મિકાંતભાઈ શાહના સ્મરણાર્થે સિવણ વર્ગનો પ્રારંભ

ભાવનગર નવજવાન સંઘ દ્વારા મહિલા સશક્તિકરણ અંતર્ગત વી.સી. લોઢાવાળા હોસ્પિટલ ખાતે સિવણ વર્ગનો શુભારંભ તા. ૦૯/૧૧ ના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી અનંતરાય કે. શાહ (બાબાભાઈ) હસ્તે કરવામાં આવેલ.

આ સિવણ વર્ગના ૧૦ સિવણ મશીનો અને સાધનો માટે સ્વ. શ્રી રશ્મિકાંતભાઈ શાહની સ્મૃતિમાં, શ્રીમતી લોપાબેન આર. શાહ તથા શ્રી ડી. કે. અજમેરા ફાઉન્ડેશન ટ્રસ્ટ મુંબઈ તરફથી રૂપિયા એક લાખનું દાન મળેલ છે, દાતાશ્રીની ઈચ્છા મુજબ પાર્શ્વનાથ ભગવાનની છબી પાસે દીપ પ્રાગટય તથા નવકાર મંત્રનો જાપ કરવામાં આવેલ.

આ પ્રસંગે પુષ્પગુચ્છથી શ્રી અનંતરાય કે. શાહનું શ્રી રાજુભાઈ હકાણી દ્વારા, શ્રી ઈલાબેન એ. શાહનું શ્રી મનસુખભાઈ સોરઠિયા દ્વારા અને સિવણ શિક્ષિકા શ્રી નીતાબેન જાનીનું શ્રી અમીબેન દ્વારા સ્વાગત કરવામાં આવેલ હતું.

શ્રી પારસભાઈ શાહે સંસ્થાનો પરિચય આપ્યો હતો, શ્રી રાજુભાઈ હકાણીએ જરૂરિયાતમંદ બહેનોને સિવણ શીખવાની જરૂરિયાત અને આત્મનિર્ભર થવા અંગે



ઉદ્દબોધન કર્યું હતું.

આ પ્રસંગે સ્થાપક ટ્રસ્ટી શ્રી બાબાભાઈ દ્વારા, સંસ્થાની કેળવણીની રૂપરેખા તથા સંસ્થાનો ઉદ્દેશ અને આગામી આયોજનની સમજ આપી. તેમજ આ પ્રસંગે શ્રી અમીબેન શાહ દ્વારા તાલીમાર્થી બહેનોને સિવણની કલા વિશેની માહિતી આપી તથા જે તાલીમાર્થી પ્રથમ આવશે તેને એક સિવણનું મશીન ભેટ આપવામાં આવશે તેવી જાહેરાત કરી.

આ કાર્યક્રમમાં શ્રી અનંતરાય કે. શાહ, શ્રી રાજુભાઈ હકાણી, શ્રી મનસુખભાઈ સોરઠિયા, શ્રી પારસભાઈ શાહ, શ્રી કિરીટભાઈ રાઠોડ, તાલિમાર્થી બહેનો અને સંસ્થાના પરિવારના સભ્યશ્રીઓએ હાજરી આપેલ હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી પારસભાઈ શાહે કરેલ. આભારવિધિ શ્રી મનસુખભાઈ સોરઠિયાએ કરેલ.


# ૧૦૨ વર્ષના માજીનું આંખના મોતિયાનું સફળ ઓપરેશન

શેઠ શ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલ ખાતે આંખ વિભાગમાં ડૉ. કુનાલ નિર્મલ (M.S., Optho.) દ્વારા, ૧૦૨ વર્ષના દાદીમાં બાલુબેન ધનાભાઈ ધાપા (ગામ. ગુંદી, વાડી વિસ્તાર, તા. જિ. ભાવનગર)નું જમણી આંખનું રેળાય ગયેલ પથ્થરીયા મોતિયાનું સફળતાપૂર્વક ઓપરેશન કરી નેત્રમણિ પ્રત્યાપર્ણ કરવામાં આવ્યું. આ સંસ્થાના મંત્રી શ્રી મનસુખભાઈ સોરઠિયા તથા તમામ પદાધિકારીઓ અને હોસ્પિટલના સ્ટાફ દ્વારા, ડૉ. કુનાલને અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.






# 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



ધીરુભાઈ ધંધુકિયા

## આઝાદી કા અમૃત મહોત્સવ :

◈ **ચિત્ર સ્પર્ધા ઉજવણી :** દેશ કી **આઝાદી કા અમૃત મહોત્સવ**, ૭૫ વર્ષ નિમિત્તે, સ્વચ્છતા ઝૂંબેશને વધુ વેગવંતી બનાવવા માટે આ કાર્યક્રમ અંતર્ગત યોજાયેલ વિવિધ સ્પર્ધાઓમાં શાળામાં **ચિત્ર સ્પર્ધા**નું આયોજન કરેલ. તેમાં શાળા ધો. ૬ થી ૯ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલો હતો. વિદ્યાર્થીઓ દ્વારા તા. ૨૧-૮ ના રોજ રક્ષાબંધન પર્વની ઉજવણી નિમિત્તે ધો. ૯ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારના સ્વચ્છતાને લગતા ચિત્રો દોરી પ્રવૃત્તિ કરેલ હતી.

◈ **શાળા સ્વચ્છતા કાર્યક્રમ :** સ્વચ્છતા ભારત મિશન હેઠળ, મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી અને દેશ કી **આઝાદી કા અમૃત મહોત્સવ** ૭૫ વર્ષ નિમિત્તે સ્વચ્છતા ઝૂંબેશને વધુ વેગવંતી બનાવવા માટે શાળાના શિક્ષિકા શ્રી દક્ષાબેન પંડયાએ બાળકોને **સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત**ના સૂત્ર સાથે બાળકોને શપથવિધિ કરાવેલ. વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહભેર ભાગ લઈ ગાર્ડન, મેદાન અને શાળા સ્વચ્છ કરેલ. આ સ્વચ્છતા કાર્યક્રમમાં તમામ સ્ટાફ પણ જોડાયેલ હતો.

◈ **સાઈકલ રેલી :** આ કાર્યક્રમ અંતર્ગત શાળામાં સાઈકલ રેલીનું આયોજન થયેલ. તેમાં ધો. ૬ થી ૯ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી દક્ષાબેન પંડયા તથા શ્રી પ્રણવભાઈ પંડયાએ કરેલ.

◈ **નિબંધ લેખન સ્પર્ધા :** આ કાર્યક્રમ અંતર્ગત નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. તેમાં ધો. ૬ થી ૭ ના તમામ વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. **આઝાદીના ઘડવૈયા** વિષે બાળકોએ ગૌરવપૂર્વક લેખનની રજૂઆત કરી હતી.

## નવરાત્રી પર્વની ઉજવણી :

સ્કૂલમાં નવરાત્રી પર્વની ઉજવણી કરેલ. કાર્યક્રમની શરૂઆતમાં **મા આદ્યશક્તિ**ની આરતી બાદ સ્તુતિગાન કરેલ. વિદ્યાર્થીઓએ આરતીની ડિશ શણગારેલ, તેમજ માતાજીની આરતી ઉતારેલ. હાઈટેક બાલમંદિરમાં, નવરાત્રી પર્વની ઉજવણી માટે વિદ્યાર્થીઓને લઈ જવામાં આવેલ, ત્યાં વિદ્યાર્થીઓ પારંપારિક પોશાક પહેરીને ગરબા રમેલ.

## કચ્છી ઘોડી કઠપૂતળી કાર્યક્રમ :

સ્કૂલમાં **કચ્છી ઘોડી કઠપૂતળી કાર્યક્રમ**નું આયોજન કરેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન હાઈટેક બાલમંદિરે કરેલ. ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓને, **લુપ્ત થતી કલા કચ્છી ઘોડી કઠપૂતળી**, મુકેશભાઈ લીલભાઈ ભાટ તેમજ તેમના સહાયકોએ રજૂ કરેલ. બાળકોને ખેલ બતાવી, મનોરંજન પૂરું પાડી, આનંદિત કરેલ. જોઈન્ટ સેક્રેટરી શ્રી ડી. જે. ધંધુકિયા સાહેબે, શ્રી મુકેશભાઈ લીલભાઈ ભાટને પ્રમાણપત્ર આપેલ.

## આરતી થાળી અને કોડિયા ડેકોરેશન સ્પર્ધા :

સ્કૂલમાં **આરતી થાળી સ્પર્ધા** તેમજ **કોડિયા ડેકોરેશન સ્પર્ધા**નું આયોજન કરેલ. તેમાં ધો. ૬ થી ૮ ના બધાજ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. વિદ્યાર્થીઓએ ઘરેથી સામગ્રી લાવીને શાળામાં આરતી તથા કોડિયા ડેકોરેશન કરેલ. તેમાં ૧ થી ૩ ક્રમાંક આપેલ. તેમજ દરેક વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તથા પ્રોત્સાહક ઈનામ આપવામાં આવેલ.

## સ્પોર્ટ્સ ડેનું આયોજન :

સ્કૂલમાં તા. ૨૯-૧૦ ના રોજ **સ્પોર્ટ્સ ડે**નું આયોજન કરવામાં આવેલ. જેમાં ધો. ૭ થી ૧૦ ના ભાઈઓએ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો. જેમાં બે ટીમ પાડવામાં



આવેલી અને બંને ટીમને સંયુકત રીતે વિજેતા જાહેર કરવામાં આવેલ. જેનું સમગ્ર સંચાલન શ્રી વિવેકભાઈ તેમજ શ્રી પ્રણવભાઈ દ્વારા કરવામાં આવેલ. વિદ્યાર્થીઓમાંથી ધો. ૧૧ના વિદ્યાર્થી ચુડાસમા શકિતસિંહ **મેન ઓફ ધ મેચ** બન્યો હતો. બાળકોએ ખૂબ મજા કરી હતી.

## રંગોળી સ્પર્ધા :

સ્કૂલમાં તા. ૩૦-૧૦ ના રોજ **રંગોળી સ્પર્ધા**નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ધો. ૬ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં બહેનોએ જુદી-જુદી ખૂબ જ સુંદર રંગોળી બનાવી હતી. જેમકે કળા કરતાં મોર, ગણપતિ, દિવાળી વિગેરે અનેરી ભાતવાળી અને કલાત્મક રંગોળીઓ બનાવેલ. દરેક શિક્ષક મિત્રોએ પણ દિવાળીની રંગોળી બનાવી, ઉત્સાહભેર ઉજવણી કરેલ.



# મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા



જીજ્ઞા સોલંકી

## નવરાત્રી ઉજવણી :

સ્કૂલમાં નવરાત્રીની ઉજવણીમાં બાળકો, વાલીઓ તથા સ્ટાફ માટે ઓનલાઈન માધ્યમથી **આરતી ડિશ ડેકોરેશન સ્પર્ધા** તથા **ટ્રેડિશનલ ડ્રેસ સ્પર્ધા**નું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી અમુલભાઈ પરમારે સેવા આપેલ હતી. તેમજ તા. ૨૦-૧૦ ના રોજ દાતાશ્રી ગૌરાંગીનીબેન દાલસિંહ કટારા દ્વારા, જરૂરિયાતમંદ કુલ ૦૭ બાળકોના વાલીઓને અનાજ કીટ વિતરણ, તેમજ નવરાત્રી ઉજવણી માટે દાતાશ્રી દ્વારા આપેલ સહયોગથી, આરતી ડિશ ડેકોરેશન તથા ટ્રેડિશનલ ડ્રેસ સ્પર્ધાના વિજેતાઓને ઈનામો આપેલ. PGVCLના ડેપ્યુટી એન્જીનિયર શ્રી વી.એમ. નિસરતા સાહેબ, સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ અને માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડના હસ્તે ઈનામો આપવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમ, સી.પી. સ્કૂલના આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ મદદનીશ શિક્ષક શ્રી તૃપ્તિબેન મહેતાએ કરેલ.

## રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી :

તા. ૩૧-૧૦ ના રોજ **આઝાદી કા અમૃત મહોત્સવ** અંતર્ગત ઓનલાઈન સી.પી. સ્કૂલમાં બાળકોને સરદાર પટેલના જીવન કવન આધારિત નીચે મુજબની પ્રવૃત્તિઓ કરાવવા આવી હતી.

જેમાં નિબંધ લેખન, વિવિધ ફોટોઓને ન્યુઝ પેપરમાંથી કટિંગ કરી, ચાર્ટ પેપર / સાદા કાગળ પર ચોંટાડવા, **રાષ્ટ્રીય એકતા** દિવસ લગતું ચિત્ર દોરીને રંગ પુરવો, પ્રતિમાને દોરીને / ચિત્રમાં રંગ પુરવો, રાષ્ટ્રીય મહાનુભાવોના ચિત્રો શોધીને નોટમાં ચોંટાડી, તેમના નામ લખવા કે જેમને ભારતીય એકતા માટે યોગદાન આપ્યું હતું. આ સ્પર્ધામાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.











# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ

ફાલ્ગુની ખાટસુરિયા



## જ્ઞાનશાળા શ્રેણી :

કે. એલ. ઈન્સ્ટિટ્યુટ ફોર ધ ડેફ અને 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળાના સંયુકત ઉપક્રમે યોજાયેલ. જ્ઞાનશાળા શ્રેણી અંતર્ગત તા. ૧૨-૧૦-'૨૧ અને તા. ૨૦-૧૦-'૨૧ ના રોજ શ્રી લતાબેન નાયક અને શ્રી છાયાબેન ઘાટકે વિશેષજ્ઞના વકતવ્યનો વેબિનાર યોજાયેલ. જેમાં સંસ્થાના તમામ શિક્ષક મિત્રો અને તાલીમાર્થીઓએ ભાગ લીધેલ.

## નવરાત્રી ઉજવણી :



પ્રાથમિક શાળા અને માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના ધો. ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે નવરાત્રી રાસ-ગરબાનું આયોજન સામાજિક અંતર સાથે યોજાયેલ. જે અંતર્ગત દરરોજ એક વર્ગના બાળકો અને શિક્ષકોએ મહાવીર ઓડિટોરીયમમાં વિવિધ ટ્રેડિશનલ ડ્રેસ સાથે ગરબા લીધેલ.

## આઝાદી કા અમૃત મહોત્સવ :

માધ્યમિક શાળામાં **આઝાદી કા અમૃત મહોત્સવ** કાર્યક્રમની ઉજવણીના ભાગરૂપે **કલા ઉત્સવ** હેઠળ ચિત્રકલા સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ ૦૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાં ધો. ૧૧ની વિદ્યાર્થીની ધંધુકિયા બંસરી જીતેન્દ્રભાઈનો પ્રથમ નંબર આવતા, તે તાલુકા કક્ષાએ પસંદગી પામેલ છે. શાળાના ચિત્ર શિક્ષિકા શ્રી ઉજ્જવલાબેને માર્ગદર્શન આપેલ.

## વાલી મિટીંગ :

કોરોનાકાળ બાદ શાળામાં અભ્યાસ શરૂ થતા શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ની પ્રથમ પરીક્ષા પછી દિવાળી વેકેશન શરૂ થવાનું



હોવાથી શાળા ટ્રસ્ટના ધો. ૬ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓના વાલીઓની વાલી મિટીંગ તા. ૩૦-૧૦-'૨૧ ના રોજ શાળાના ઓડિટોરિયમમાં કોરોના અંગેની સાવચેતી સાથે યોજવામાં આવેલ. જેમાં સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, આચાર્યશ્રી ઈલાબેન તથા શ્રી શૈલેષભાઈ તથા ગૃહમાતા શ્રી સ્નેહાબેન તથા શિક્ષક મિત્રો હાજર રહેલ. તમામ હોદ્દેદારોએ વાલીશ્રીઓને આવશ્યક સૂચનાઓ આપેલ તથા બાળકોના શૈક્ષણિક, તેમજ સર્વાંગી વિકાસ માટે સહકાર આપવા જણાવેલ. બાળકોને વેકેશનમાં પણ અભ્યાસમાં મદદરૂપ બને તે માટે સંસ્થા દ્વારા, **નવનીતના સોફ્ટવેર**ની વાલીઓને મોબાઈલમાં લિંક મોકલવામાં આવશે તેની માહિતી આપેલ.

## વિદાય સમારંભ :



સંસ્થાના વરિષ્ઠ શિક્ષક શ્રી રાજેન્દ્રભાઈ પરમાર વયમર્યાદાના કારણે નિવૃત્ત થતાં તેઓનો વિદાય અને શુભેચ્છા સમારંભ શાળાના મહાવીર ઓડિટોરીયમમાં તા. ૨૯ ઓકટોબરના રોજ યોજવામાં આવેલ. જેમાં સહકર્મચારીઓ દ્વારા શ્રી રાજેન્દ્રભાઈ સાથેના સંસ્મરણો

વાગોળવામાં આવ્યા. સંસ્થાના સાથી મિત્રો દ્વારા તેઓને શુભેચ્છા ભેટ આપવામાં આવી. સંસ્થા તરફથી શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું. સંસ્થાના વરિષ્ઠ વડિલો દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવેલ. જેમાં તેઓને તેમના આગામી જીવન માટે દીર્ઘાયું અને નિરોગી જીવન માટે શુભેચ્છા આપવામાં આવેલ. શ્રી રાજેન્દ્રભાઈએ પોતાનો પ્રતિભાવ આપ્યો તે સમયે ભાવુક બનેલ. અંતમાં શ્રી રાજેન્દ્રભાઈ તરફથી અલ્પાહાર તેમજ સંસ્થા તરફથી આઈસ્ક્રીમ આપવામાં આવેલ.

## કોવિડ-૧૯ વેક્સિનેશન કેમ્પ :



વિશ્વ બધિર દિન નિમિતે બહેરાં-મૂંગા શાળા - ટ્રસ્ટ અને આરોગ્ય વિભાગ, ભાવનગરના સહયોગથી કોવિડ-૧૯ વેક્સિનેશન કેમ્પ યોજવામાં આવેલ. જેમાં દિવ્યાંગ તેમજ અન્ય લોકોએ બહોળા પ્રમાણમાં લાભ લીધો. તા. ૨૩-૯ સવારના ૯:૦૦ વાગ્યાથી સાંજના ૫:૦૦ વાગ્યા સુધીનો સમય હતો. જેમાં ૧૧૭ લોકોએ વેક્સિન લીધી.

## વિશ્વ બધિર દિન ( શાળાઓની મુલાકાત ) :



વિશ્વ બધિર સપ્તાહ સંદર્ભે તા. ૨૮-૯ ના રોજ વિશ્વ બધિર દિનની ઉજવણી શાળા - ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી મહાલક્ષ્મીબહેન અને શ્રી જગન્નાથભાઈ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ઉજવવામાં આવ્યો. જેમાં શાળાના પ્રિન્સિપાલ શ્રી શૈલેષભાઈ દવેએ નિમ્ન હેતુઓ-જેવા કે શ્રવણમંદ




વિદ્યાર્થીઓનું સમાજમાં પુનઃસ્થાપન, દિવ્યાંગતા અને સમાજમાં જાગૃતિ, દિવ્યાંગોને સમાન તક, સમાજમાં સંપૂર્ણ સહભાગીદારી, તેમજ તેઓના અધિકારોના રક્ષણ માટે સમધારણ બાળકોની શાળાઓની મુલાકાતનું આયોજન કરેલ. જે સંદર્ભે ધો. ૧૧ની વિદ્યાર્થીઓને શ્રી નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલયની મુલાકાતે લઈ ગયેલ. જયાં ત્યાના આચાર્યશ્રી રાજેશ્વરીબા ગોહિલ તેમજ અન્ય સ્ટાફ દ્વારા ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું. બંને શાળાઓની દિકરીઓ દ્વારા એક સાથે પ્રાર્થના રજૂ કરવામાં આવી. શાળાની મુલાકાત  વિદ્યાર્થીનીઓ વચ્ચે પ્રશ્નોતરી યોજાઈ. શ્રવણમંદ દિકરીઓને નાસ્તા સાથે સ્મૃતિભેટ આપવામાં આવી. ધો. ૧૧ ના વિદ્યાર્થીઓને વિદ્યાવિહાર શિક્ષણ સંકુલ, દેસાઈનગરની મુલાકાતે લઈ ગયેલ. જયાં શાળાના આચાર્યશ્રી છગનભાઈ જાંબુચા દ્વારા શ્રવણમંદ વિદ્યાર્થીઓનું સ્વાગત સાથે વર્ગની મુલાકાત લીધી. દિવ્યાંગ વિદ્યાર્થીઓએ સાંભળતા વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી, તેમજ સાઈન શીખવી, દરેક વિદ્યાર્થીઓને અલ્પાહાર કરાવવામાં આવેલ. શાળાના શિક્ષકો શ્રી વિરેન્દ્રભાઈ, શ્રી ભક્તિબહેન, શ્રી ભરતભાઈ તેમજ શ્રી જયોતિબેન બારૈયા શ્રવણમંદ વિદ્યાર્થીઓ સાથે રહેલ. શાળાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ બંને શાળાના આચાર્યશ્રીઓનો આભાર માનેલ, તેમજ દિવ્યાંગોને શુભેચ્છા પાઠવેલ.





# શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ છાત્રાલય



સ્વ. ચંદાબેન પટેલ

◈ તા. ૨૯-૧૦ ના રોજ છાત્રાલયના બધા જ બાળકોને દાતાશ્રી વૈભવભાઈના આર્થિક સહયોગથી રંગોળી હોટલના ગેમ ઝોનમાં લઈ ગયેલ અને રમત સાથે મનગમતું ભોજન પણ કરાવેલ.

◈ તા. ૧૧-૯ ના રોજ માનનીય શિક્ષણમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીના જન્મદિને વિદ્યાર્થીઓને મિષ્ટાન ભોજન કરાવવામાં આવેલ.

◈ તા. ૧૧-૧૦ ના રોજ સંસ્થાના પ્રમુખશ્રી ગિરીશભાઈ શાહના પિતાશ્રી સ્વ. શ્રી ચંપકદાસ જમનાદાસ શાહના સ્મરણાર્થે મોહનથાળ તથા મોતીચૂરના લાડુનો પ્રસાદ બાળકોને વહેંચવામાં આવેલ. બાળકોએ પણ સદ્ગત માટે શાંતિ પ્રાર્થના કરેલ.

◈ તા. ૨૫-૮ ના રોજ સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાના હસ્તે, તેમના મિત્ર સ્વ. શ્રી વિનોદરાય જુગલદાસ મોદીના સ્મરણાર્થે છાત્રાલયના વિદ્યાર્થીઓને ભાવતું ભોજન કરાવવામાં આવેલ.



# શ્રી શાહ ખી.લ. બહેરાં મૂંગા શાળા મહેતા છાત્રાલય

✍ સ્નેહાબેન જોષી



◈ તા. ૨૯-૧૦ ના રોજ રાષ્ટ્ર સંત પરમગુરૂદેવ શ્રી નમ્રમુતિ મહારાજ સાહેબ પ્રેરિત, **અર્હમ યુવા સેવા ગ્રુપ ભાવનગર** દ્વારા, દિવાળી નિમિત્તે, બાળકો સાંભળી શકે તે માટે **૨૨ હિયરીંગ એઈડ** આપેલ.

◈શ્રી કંચનબેન રમણીકભાઈ શેઠ ગોમટાવાળા હસ્તે મિલીબેન જીગરભાઈ શેઠ તરફથી બધાને મશીન અર્પણ કરેલ. તેમજ બાળકોને લુડો, ચેસ જેવી ગેમ, તેમજ બાળકોને બેસવા માટે આસન ભેટ આપેલ અને નાસ્તો કરાવેલ. સમગ્ર ગ્રૃપનું આયોજન શ્રી સ્વીટી દીદી ભાયાણીએ કરેલ. સંસ્થા પરિવાર દ્વારા અર્હમ યુવા ગ્રુપનો આભાર માનેલ.

◈ છાત્રાલયમાં હાજર થયેલ હાલ ધો. ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓને સરકારશ્રીની સૂચના મુજબ કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને સાર-સંભાળ લેવામાં આવે છે.

◈ તા. ૨૨-૮ ના રોજ છાત્રાલયના વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા ઉત્સાહપૂર્વક રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવેલ.

◈ શ્રાધ્ધપક્ષ દરમિયાન દાતાશ્રીઓ તરફથી બાળકોને જુદી-જુદી મિઠાઈ તથા ફરસાણ સાથે ભોજન કરાવવામાં આવેલ.

◈ નવરાત્રી દરમ્યાન બાળકોએ મા જગદંબાની આરતી તથા પ્રસાદ વગેરેનો લાભ લીધો.

◈ તા ૧૭-૧૦ ના રોજ ઝવેરચંદ મેઘાણી ઓડિટોરીયમમાં છાત્રાલયની દીકરીઓ ગરબા રમવા ગયેલ. તેમાં કેબિનેટ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ઉપસ્થિત રહી, સંસ્થાની દીકરીઓની પ્રસંશા કરેલ. આ સમગ્ર કાર્યક્રમશ્રી અનિલભાઈ પંડયા તથા બાપા સીતારામ ક્રેડિટ સોસાયટી દ્વારા યોજવામાં આવેલ. જે શાખાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાના હસ્તે સંપન્ન થયેલ.

## સ્નેહ સંમેલન

પી.એન.આર. સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓનું વિક્રમ સંવત ૨૦૭૮નું **સ્નેહ સંમેલન** તા. ૯-૧૧ ના રોજ સવારે શ્રી ખી.લ. બહેરાં - મૂંગા શાળા, વિદ્યાનગર, ભાવનગર ખાતે યોજાય ગયેલ, જેમાં વિવિધ સંસ્થાઓના કાર્યકરો અને કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતાં. નૂતન વર્ષમાં સંસ્થાના પ્રમુખશ્રી શશીકાન્તભાઈ વાઘર, ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ) તથા વિકાસ વર્તુળના શ્રી બિપીનભાઈ શાહે, 'નબળા વિતેલા પાછલાં બે વર્ષોમાંથી બોધ પાઠ લઈ, કડકાઈ સાથે કોરોનાથી બચાવની તૈયારીઓ સાથે, દિવ્યાંગોના શિક્ષણ અને આર્થિક ઉત્કર્ષ માટેના અભિયાનમાં નિષ્ઠાપૂર્વક લાગી જવા અપીલ કરેલ 'તથા નૂતન વર્ષાભિનંદન પાઠવેલ.



# શ્રીમતી પ્રભાકુંવરબેન રતિલાલ વાઘર આર્ટિફિશીયલ લિમ્બ સેન્ટર



**માહે સપ્ટેમ્બર, ઓકટોબર-૨૦૨૧ની કામગીરીની વિગત નીચે મુજબ છે**


✍ વિપુલ જેઠવા

**૧.** માહે સપ્ટેમ્બર, ઓકટોબર-૨૦૨૧ દરમ્યાન જયપુર, પુના, મુંબઈ તેમજ નંદરબાર-૨ કેમ્પ તથા બેંગ્લોર, શીમોગા, સીરશી મુકામે કેમ્પો કરવામાં આવેલ હતાં. જેમાં કુલ મળીને આશરે ૫૦૦ લાભાર્થીઓને કુલ ૧૦૦૦ જેટલી ની-બ્રેસ પુરી પાડવામાં આવેલ હતી. જેમાં ની-બ્રેસના ઉપયોગથી ની-રિપ્લેસમેન્ટની જરૂરિયાત રહેતી નથી અને દર્દીને ઘુંટણના દુઃખાવામાં રાહત રહે છે.

**૨.** જયારે લોકલ લેવલે માહે સપ્ટેમ્બર, ઓકટોબર-૨૦૨૧ દરમ્યાન કુલ ૧૭૦ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ. જેમાં લાભાર્થીઓને આશરે ૧૧૬ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, ઓર્ટિફિશીયલ હેન્ડ, ઓર્ટિફિશીયલ લેગ, વાલગેસ પેડ, એલ.એસ. બેલ્ટ, ની-બ્રેસ, વિગેરે સાધનો પુરાં પાડેલ છે. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને સર્વાઈકલ કોલર, ફકત ટોકન દરે પુરું પાડવામાં આવેલ.



# શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કોલેજ (એચ.આઇ.)




✍ સંતોષ યાદવ

## વિશ્વ બધિર સપ્તાહ :

સપ્ટેમ્બર મહિનાના છેલ્લા અઠવાડિયે, **આંતરરાષ્ટ્રિય બધિર સપ્તાહ** તરીકે ઉજવવામાં આવે છે. જેમાં દરેક દિવસની અગલ-અલગ થીમ રાખવામાં આવે છે. જેમાં ટી.ટી.સી. માં બધિર તાલીમાર્થી, સાંભળતા તાલીમાર્થીઓ અને શિક્ષકો દ્વારા સાઈન લેંગ્વેઝમાં વિડીયો બનાવવામાં આવેલ અને યુ-ટયુબ પર અપલોડ કરવામાં આવેલ.

## રજી ઓક્ટોબર - ગાંધી જયંતિ :



૭ ઓકટોબર ગાંધી જયંતિના દિવસે શ્રી સંતોષભાઈ યાદવ દ્વારા, હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના શિક્ષકો માટે **સંવેદી અક્ષમતાના પરિચય** ઉપર એક લેકચર લેવામાં આવેલ.

## નવરાત્રી ઉત્સવ :

ટિચર્સ ટ્રેનિંગ કોલેજ દ્વારા તા. ૧૩-૧૪/૧૦ ના રોજ નવરાત્રીની ઉજવણી કરવામાં આવી હતી.

## જ્ઞાનશાળા સિરીઝ :

જ્ઞાનશાળા સિરીઝ દ્વારા લતા નાયક અને છાયા ઘાટગે લેકચર યોજાઈ ગયા. જેમાં સ્કૂલ રી-ઓપન થતાં બાળકો સાથે કઈ રીતે વ્યવહાર કરવો, અધ્યયન કાર્ય કઈ રીતે વધારે રસપ્રદ બનાવી શકાય વિ. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓ અને શિક્ષકોએ સક્રિય ભાગીદારી નિભાવી.

## ફાઈનલ લેસન તેમજ વાય-વા :

ડી..એડ. સ્પે. એજ્યુકેશન (એચ.આઈ.) ૨૦૧૯-૨૧ ફાઈનલ લેસન તા. ૧૧-૧૦ ના રોજ શાળામાં યાજાઈ ગયાં. તેમજ વાય-વા તા. ૧૨ અને ૧૩-૧૦ ના રોજ યોજાઈ ગયાં.

## ઈન્ટરનલ પરીક્ષા :

બી.એડ. સ્પે.એજ્યુકેશન (H.I.) ૨૨૦-૨૨ની ઈન્ટરનલ પરીક્ષા તા. ૧૩-૧૦ થી ૧૬-૧૦ દરમ્યાન યોજાઈ હતી.





# 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની વિશિષ્ટ શાળા

✍ નેહલ ગઢવી



## વૃક્ષારોપણ :




તા. ૧-૮ ના રોજ શાળાના કેમ્પસમાં VYO (વલ્લભ યુથ ઓર્ગોનાઈઝેશન) દ્વારા વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવેલ. જેમાં VYO ના હોદ્દેદારો, શાળાના ટ્રસ્ટીગણ તથા કર્મચારી હાજર રહેલ.

## રિસોર્સ પર્સન તરીકે પસંદગી :



તા. ૧૧-૮ ના રોજ **સમગ્ર શિક્ષા દીવ** દ્વારા, Principals, Educational Administrators Parents / Guardians Under Inclusive Educations વિષય ઉપર એક દિવસીય ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૪૦ શિક્ષકોએ ભાગ લીધેલ. આ એક દિવસીય ઓરિએન્ટેશન પ્રોગ્રામમાં રિસોર્સ પર્સન તરીકે શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી તથા રીહેબિલિટેશન સાયકોલોજીસ્ટ શ્રી રેશ્માબેન શાહે ઉપરોક્ત વિષય ઉપર ઝીણવટપૂર્વક રસપ્રદ શૈલીમાં ખૂબ ઉપયોગી માહિતી પૂરી પાડેલ.

## રક્ષાબંધનની ઉજવણી :

દર વર્ષની માફક આ વર્ષે પણ શાળામાં તા. ૨૧-૮ ના રોજ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત શાળાની વિદ્યાર્થીની મિનલ રાઠોડના સુંદર શ્લોકગાન દ્વારા કરવામાં આવેલ. સંસ્થાના માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરેલ.મહેમાન શ્રી હિમાંશુભાઈ એન. જાગાણી (પ્રમુખશ્રી રોટરી રોયલ) તથા તેમની ટીમના મેમ્બરને શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા રાખડી બાંધવામાં આવેલ. સાથો-સાથ અમર જયોતિ શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા શાળાના વિદ્યાર્થીઓને રાખડી બાંધવામાં આવેલ. આ પ્રસંગે શ્રી સિલ્વર બેલ્સ સ્કૂલના શ્રી અમર જયોતિબા, રોટરી રોયલના પ્રમુખ શ્રી હિમાંશુભાઈ એન. જાગાણી તથા તેમની સમગ્ર ટીમ, શાળાના ટ્રસ્ટીશ્રીઓ તથા કર્મચારીગણ ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે સિલ્વર બેલ્સ સ્કૂલ દ્વારા શાળાના બાળકોને ટ્રેકસૂટ ગિફ્ટમાં આપવામાં આવેલ.

## બુધસભા :

શાળામાં યોજાતી બુધસભા અંતર્ગત 'પ્રજ્ઞા મોડેલ' વિષય પર H.I. ટિચર્સ ટ્રેનિંગ કોલેજના કો-ઓર્ડિનેટર શ્રી સંતોષભાઈ યાદવ દ્વારા સ્ટાફને જ્ઞાનસભર માહિતી આપવામાં આવેલ.

## પેરેન્ટસ ટ્રેનિંગ :




દર વર્ષની માફક આ વર્ષે પણ તા. ૨૦-૯ થી ૨૭-૯ દરમિયાન શાળામાં નવા પ્રવેશ પામેલા બાળકોના વાલીઓ માટે **'ચાલો આપણા બાળકોને ઓળખીએ'** થીમ ઉપર એક પેરેન્ટસ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના શિક્ષક દ્વારા મંદબુધ્ધિત્વને લગતા દરેક વિષયો પર વાલીઓને જ્ઞાનસભર ઉપયોગી માહિતી આપેલ, જે બાળકોના વિકાસ માટે અતિ આવશ્યક છે. આ પેરેન્ટસ પ્રોગ્રામનું આયોજન શાળાના શિક્ષકશ્રી પારૂલબેન પાઠકે કરેલ.

## એસેસમેન્ટ કેમ્પ :

તા.૨૭-૯ થી તા. ૨૮-૯ દરમ્યાન શાળામાં A.D.H.D. **બાળકોનો એસેસમેન્ટ** તેમજ **વિઝન થેરાપી એસેસમેન્ટ કેમ્પ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં ડૉ. નીધિબેન પંડયા દ્વારા બાળકોનું એસેસમેન્ટ કરવામાં આવેલ. જેનું સમગ્ર સંકલન શાળાના આચાર્યશ્રી મેઘજીખાન દ્વારા કરવામાં આવેલ.

## સંસ્થાની મુલાકાત :

સંસ્થાના મુખ્ય દાતા તળાજીયા પરિવારના શ્રી દિપકભાઈ જે. તળાજીયા તથા તેમના દીકરી સંસ્થાની શુભેચ્છા મુલાકાતે પધારેલ. તેઓશ્રીને સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓથી વાકેફ કરવામાં આવેલ. તેઓશ્રી સંસ્થાની કામગીરીથી પ્રભાવિત થયેલ.

## ઝેરોક્ષ મશીન ઓપરેટિંગ કોર્સ :

સંસ્થાના અને અન્ય મંદબુધ્ધિ બાળકોને તાલી મમળે તે હેતુથી શ્રી મહેશભાઈ વસાવડાની સ્મૃતિમાં તેમના પુત્ર શ્રી નિશીથભાઈ વસાવડા (અમેરિકા) ના સહયોગથી ઝેરોક્ષ મશીન સંસ્થામાં વસાવેલ છે. હાલ સંસ્થાના વિદ્યાર્થી અને સામાન્ય શાળામાં અભ્યાસ કરતાં ૫ મંદબુધ્ધિ વિદ્યાર્થી તાલીમ લઈ રહયાં છે. આ તાલીમથી મંદબુધ્ધિ બાળકો પગભર થાય તે મુખ્ય હેતુ છે.

## વેબિનાર :

તા. ૨૩-૯ ના રોજ 'જ્ઞાનશાળા' અંતર્ગત **મિડીયા એ ગ્રેડ સોર્સ ફોર ડિસેબિલિટી સેક્ટર** વિષય પર વેબિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં શ્રી સતીષ કપુર દ્વારા ઉપયોગી માહિતી આપવામાં આવેલ, તેમજ તા. ૨૫-૯ ના રોજ ડૉ. સંદીપ તાંબેના RCI અને Z.C.C. વિષય પર વેબિનારનું આયોજન કરેલ.

'જ્ઞાનશાળા' અંતર્ગત તા. ૯-૧૦ ના રોજ **વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિન** નિમિત્તે 'મેન્ટલ હેલ્થ ઈન એન અનઈકવલ વર્લ્ડ' વિષય પર પ્રો. તેજબહાદૂર સિંહનો વેબિનાર રાખવામાં આવેલ.

ત્યારબાદ તા. ૨૦-૧૦ ના રોજ પણ 'જ્ઞાનશાળા' અંતર્ગત 'Schools reopen how shoud be learning before our children' વિષય પર શ્રી લત્તા નાયક અને શ્રી છાયા ઘાટગે સાથેનો વેબિનાર રાખવામાં આવેલ. ઉપરોકત તમામ વેબિનારમાં પી.એન.આર. સંલગ્ન સંસ્થાઓના શિક્ષકોએ ભાગ લીધેલ.

## નવરાત્રી પર્વની ઉજવણી :

તા. ૧૦-૧૦ ના રોજ **નવરાત્રી પર્વની ઉજવણી** સંસ્થામાં રાખવામાં આવેલ. જેમાં બાળકો, શિક્ષકોએ ઉમંગભેર ભાગ લીધેલ. ઉજવણી બાદ દાતાશ્રી પ્રવિણભાઈ શાહ - U.S.A. તરફથી બાળકોનો જમણવાર રાખવામાં આવેલ.

## કિટ વિતરણ :



સંસ્થાના આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને તા. ૨૯-૧૦ ના રોજ જીવન જરૂરિયાતની વસ્તુઓ, મીઠાઈ સહિત કુલ ૨૧ વસ્તુઓ સાથેની અંદાજીત રૂા. ૩,૦૦૦/- ની એક કિટ એવી કુલ ૯૨ કિટનું વિતરણ કરવામાં આવેલ. શ્રી નેહલબેન ગઢવીના પ્રયત્નથી કિટ માટે દાતાઓ તરફથી ખૂબ જ સારો સહકાર મળેલ.

## સ્કૂલ બેગ તથા ફટાકડા વિતરણ :



સંસ્થાના ટ્રસ્ટીઓ શ્રી વિનુભાઈ હકાણી તથા શ્રી રાજેશભાઈ હકાણી તરફથી સ્વ. મૌલિક તથા સ્વ. તત્વાની સ્મૃતિમાં તા. ૩૦-૧૦ ના રોજ શાળાના તમામ બાળકોને સ્કૂલ બેગ તથા પાણીની બોટલનું વિતરણ કરવામાં આવેલ. દર વર્ષની માફક (શ્રી જીતુભાઈ ફટાકડાવાળા), શ્રી નિમેષભાઈ દેસાઈ તથા શ્રી પરાગભાઈ મણિયાર તરફથી શાળાના તમામ બાળકોને ફટાકડાનું વિતરણ કરવામાં આવેલ.

## ટિચર્સ ટ્રેનિંગ કોલેજ :

ટિચર્સ ટ્રેનિંગ કોલેજના બીજા વર્ષના વિદ્યાર્થીઓનો કોર્સનો સમયગાળો પૂર્ણ થતાં તેમના માટે એક ફેરવેલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં વિદ્યાર્થીઓએ પોતાની સ્મૃતિઓ વાગોળેલ તેમજ પ્રથમ વર્ષના રીઝલ્ટમાં પ્રથમ દ્વિતિય તથા તૃતિય નંબર મેળવેલ વિદ્યાર્થીઓનું સન્માન

કરવામાં આવેલ તથા કો-ઓર્ડિનેટર ડૉ. ભાવીકાબેન કામદારને અભિનંદન આપવામાં આવેલ. આ પ્રસંગે ટ્રસ્ટીશ્રીઓ, આચાર્ય તથા ફેકલ્ટી મેમ્બર્સ હાજર રહેલ.

### વોકેશનલ :

શાળામાં કાર્યરત 'ભાનુવાડી' મંદબુધ્ધિવાળા બાળકોના વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર, દાતાશ્રી ડી. કે. અજમેરા ફાઉન્ડેશન અને શ્રી વાડીલાલ ચત્રભૂજ ગાંધી ફાઉન્ડેશનમાં શાળાના બાળકો દ્વારા રાખડી, મીણબત્તી, તોરણ, શોપિંગ બેગ, બટવા, ફાઈલ, મની કવર, આસન, જેવી વિવિધ વસ્તુઓ બનાવવામાં આવેલ છે, જેનું ઓનલાઈન તેમજ ભાવનગર ખાતે પરીમલ હવેલી, ઈસ્કોન કલબ, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ તથા મેઘાણી ઓડિટોરિયમ ખાતે **પ્રદર્શન કમ વેચાણ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ રૂા. ૯,૪૧,૬૬૫/- નું વેચાણ કરવામાં આવેલ.

## દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

### ફટાકડા વિતરણ :

નટરાજ સી.પી. સ્કૂલમાં, નેશનલ ટ્રસ્ટ, ન્યૂ દિલ્હી સંચાલિત **દિશા કમ વિકાસ પ્રોજેક્ટ** ૨૦૧૬થી શરૂ થયેલ છે. આ પ્રોજેક્ટમાં ફિઝિયોથેરાપીસ્ટ તરીકે ફરજ બજાવતા ડૉ. ગ્રીવાબેન અંધારિયા તથા તેમના પરિવાર તરફથી તા. ૨૭-૧૦ ના રોજ પ્રોજેક્ટના જરૂરિયાતમંદ બાળકોને દિવાળી નિમિત્તે ફટાકડાનું વિતરણ કરવામાં આવેલ હતું.

### ઓનલાઈન દિવાળીની ઉજવણી :

આ પ્રોજેક્ટ અંતર્ગત બાળકોને ઓનલાઈન દિવાળીની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ. જેમાં પ્રોજેક્ટના દરેક બાળકોએ ભાગ લીધો હતો. જેમાં બાળકોએ રંગોળી દોરી, કલર પૂરી, દીવા પ્રગટાવી, ફટાકડા ફોડીને દિવાળીની ઉજવણી કરેલ.



## નિરામયા હેલ્થ પોલિસીની સફળતા - રૂ. ૨,૭૦,૪૯૪નાં કલેઈમ મંજુર

નટરાજ સી.પી. સ્કૂલમાં વર્ષ ૨૦૧૩થી નેશનલ ટ્રસ્ટ, ન્યૂ દિલ્હી માન્યતા પ્રાપ્ત **નિરામયા હેલ્થ પોલિસી**નો પ્રોજેક્ટ ચાલે છે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ દિવ્યાંગ બાળકોના વાલીઓને આર્થિક મેડિકલ સહાય આપવાનો છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માં કુલ ભાવનગર જિલ્લાના ૨૫૪ લાભાર્થીઓ અને અમરેલી જિલ્લાના ૭૩ લાભાર્થીઓના નિરામયા હેલ્થ કાર્ડની કામગીરી કરવામાં આવી છે.


જેમાં ભાવનગરના જિલ્લાના વાલીઓને સંસ્થામાંથી ઓનલાઈન કલેઈમ ફોર્મ ભરી આપવામાં આવે છે, જેમાંથી તા. ૧-૪-૨૧ થી અત્યાર સુધીમાં કસરત, બિમારીના કારણે હોસ્પિટલમાં સારવાર લઈ સાજા થયેલ બાળકોના હોસ્પિટાલાઈઝેશનના દસ્તાવેજો સાથે થયેલ ખર્ચનો ઓનલાઈન કલેઈમ કરી, તેને ફોલો-અપ કરી **રૂા. ૫,૭૩,૧૭૨/-** ની રકમના કલેઈમ મોકલાવેલ, તેમાંથી **૬૦** દિવ્યાંગ લાભાર્થીઓના **રૂા. ૨,૭૦,૪૯૪/-** મેડિકલ સહાયની રકમ મંજુર થયેલ. જેના સમાચાર વાલીઓને આપતાં તેઓએ હાશકારો અનુભવેલ. સંસ્થાને પણ સમાજ સેવાના વિધાયક પરિણામનો સંતોષ થયેલ. આ કલેઈમનો અંગ્રેજીમાં પત્રવ્યવહાર ઓફિસર ઓન સ્પેશ્યલ ડયુટી શ્રી કે. ડી. પડિયાએ કરી આપેલ.

# 'દિવ્યાંગોની સાફલ્ય ગાથાઓ'

## 'મન હોય તો માળવે જવાય' ચરિતાર્થ કરનાર પ્રજ્ઞાચક્ષુ સંજીવ ગોહિલ

સંજીવ ગોહિલ સતત જતી રહેતી દ્રષ્ટિના દર્દી હતાં. જયારે તેણે સંપૂર્ણ દ્રષ્ટિ ગુમાવી ત્યારે પોતાને પ્રિય એવા જંગલો, જંગલી પ્રાણીઓ અને પર્વતારોહણને છોડવાનો સમય આવ્યો. પરંતુ હિંમત ગુમાવી નહીં. મિત્રોના સહાયથી પોતાના સ્વપ્નને જિવીત રાખવા નેમલીધી. જયારે કોઈ વ્યકિતને બહુજ ઈચ્છા કંઈક કરવાની હોય તેને સંજોગો પ્રાપ્ત થાય જ. તેમના મિત્ર શ્રી પુષ્પક કોટિયા જે એક સિવીલ એન્જિનીયર છે. તેમને સંજીવે પોતાની પર્વતારોહણ માટે ઈચ્છા વ્યકત કરી અને તેમની ઈચ્છા પરિપૂર્ણ પણ થઈ. પ્રજ્ઞાચક્ષુ શ્રી સંજીવ ગોહિલ આજે એક એવા પ્રજ્ઞાચક્ષુ બન્યા કે જેમણે હિમાલયની ૧૭,૩૪૫ ફૂટ ઊંચા શિખરને માત આપી. આજે તેઓ વિચારે છે કે, 'કોઈ દિવસ હું માઉન્ટ એવરેસ્ટ સર કરીશ'. તેમને શુભેચ્છા. **સૌજન્ય : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા**

## પેરા બેડમિન્ટન ઈન્ટરનેશનલમાં 3 મેડલ જીત્યા



યુગાન્ડામાં યોજાયેલી પેરા બેડમિન્ટન ઈન્ટરનેશનલ સ્પર્ધામાં ગુજરાતી પેરા ખેલાડી પારૂલ પરમારે, મહિલા સિંગલ્સમાં સિલ્વર મેડલ જીત્યો હતો. આ ઉપરાંત તેમણે મહિલા ડબલ્સમાં પાર્ટનર વૈશાલી પટેલ સાથે મળી સિલ્વર મેડલ અને મિક્સ ડબલ્સમાં પણ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. પારૂલબેનને ખૂબ ખૂબ અભિનંદન.

**સૌજન્ય : સૌરાષ્ટ્ર સમાચાર**

## સુવર્ણચંદ્રક મેળવનાર પ્રથમ દિવ્યાંગ ભારતીય મહિલા

પેરાલિમ્પિકસમાં સૌથી યુવા વિકલાંગ રમતવીર તરીકે અવનિ લેખારાએ પ્રવેશ કર્યો હતો અને સ્પર્ધામાં સુવર્ણચંદ્રક મેળવનાર પ્રથમ ભારતીય મહિલા બની હતી. વિપરીત પરિસ્થિતિમાં પણ તમામ અવરોધોને પાર પાડી શૂટર અવનિએ સુવર્ણચંદ્રક મેળવી ઈતિહાસમાં તેનું નામ અંકિત કર્યું છે. ૧૧ વર્ષની ઉંમરે અવનિને કાર દુર્ઘટનામાં કરોડરજ્જુનું નુકશાન થયું હતું અને શરીરનો કમરથી નીચેનો હિસ્સો લકવાગ્રસ્ત થઈ ગયો હતો.

**સૌજન્ય : અનંત મામતોરા, મુંબઈ સમાચાર**

## ગોંડલનો પ્રજ્ઞાચક્ષુ યુવાન બેંગલોરની ટોચની કંપનીમાં સોફટવેર એન્જિનિયર

જેનો હોંસલો બુલંદ છે એવા લોકો શારીરિક અક્ષમતાને અવગણીને માનસિક બળ વડે આગળ વધે છે અને વિશ્વ માટે મિશાલ બને છે. હાથ પગ કે આંખ ન હોવાથી એમની જિંદગી અટકી જાતી નથી આવું જ એક વિરલ વ્યક્તિત્વ મેંદરડાનો વતની અને **ગુજરાતનો પ્રથમ પ્રજ્ઞાચક્ષુ સોફ્ટવેર એન્જિનિયર** ભાર્ગવ હરસુખભાઈ વઘાસિયા જેણે આંખોના અંધાપાને, આત્મબળના સહારે પ્રકાશિત કર્યો છે. ગોંડલની એમ.બી. કોલેજમાંથી કમ્પ્યુટર સાયન્સની ડિગ્રી મેળવી, છેલ્લાં ચાર વર્ષથી બેંગલોર મલ્ટી નેશનલ કંપનીમાં સિનિયર સોફ્ટવેર એન્જિનિયર તરીકેની ફરજ બજાવે છે. તેની કંપનીના ૧૫૦૦ કર્મચારીઓમાં ભાર્ગવ પ્રથમ પ્રજ્ઞાચક્ષુ કર્મચારી છે. ગજબની માસ્ટરી ધરાવતો ભાર્ગવ જયારે આંગળીના ટેરવે કોમ્પ્યુટર ઓપરેટ કરે ત્યારે, ભલભલા એકસપર્ટ પણ મોઢામાં આંગળા નાખી દેવા મજબૂર બની જાય છે.

મજબૂત ઈરાદા સાથે ભાર્ગવ કહે છે કે, 'આપણે સફળ ત્યારે જ કહેવાયએ કે જયારે બીજાને સફળ થવામાં મદદરૂપ બનીએ', આ વાતને ભાર્ગવે સાર્થક કરી છે. ભાર્ગવે પોતાની કંપનીમાં ૧૦ પ્રજ્ઞાચક્ષુઓને નોકરી અપાવી છે. આ ઉપરાંત નોકરીની સાથે-સાથે ઓનલાઈન સોફ્ટવેર ટેસ્ટિંગ અને પ્રોગ્રામિંગની ટ્રેનિંગ આપી એક સારૂં ઉદાહરણ બીજા પ્રજ્ઞાચક્ષુ માટે પૂરું પાડે છે.

**સૌજન્ય : ફૂલછાબ**

# દિવ્યાંગોને પ્રોત્સાહન

## 'શ્વેતપત્રથી સમ્મિલીત શિક્ષણને મળેલ બળ'

'રાષ્ટ્રિય શિક્ષણ નીતિ અને વિકલાંગ સમ્મિલીત શિક્ષણ' (નેશનલ એજ્યુકેશન પોલિસી એન્ડ ડિસેબિલિટી ઈન્કલુઝીવ એજ્યુકેશન) માટે જારી કરાયેલ 'શ્વેતપત્ર'થી, સંયુકત જિલ્લા શિક્ષણ માહિતી (યુનિફાઈડ ડિસ્ટ્રીકટ ઈન્ફર્મેશન ઓન સ્કૂલ એજ્યુકેશન) કેન્દ્ર દ્વારા અપાયેલ પડકારને ઝીલવાનો સહિયારો પ્રયાસ કરાયેલ છે.

ભારતમાં ૨૦૧૮-૧૯માં ૧૫,૫૧,૦૦૦ શાળાઓ હતી. જેમાં ૨૪,૭૮,૪૩,૬૮૮ બાળકો અભ્યાસ કરતા હતા. સિવીલ સોસાયટીના રાષ્ટ્રિય રોજગાર કેન્દ્ર અને શ્વેતપત્ર દ્વારા, પોતાના વિકલાંગો માટેના રોજગાર અભિયાનમાં સઘન પ્રયાસોનો ઉલ્લેખ છે અને કોવિડ પછીની પરિસ્થિતિનો સામનો કેવી રીતે કરવો, તેની માહિતી આપેલ છે. આંકડાકિય માહિતી મુજબ ૨૦૧૩-૧૪માં વિકલાંગની સંખ્યા ૧.૧ ટકાથી હતી જે ૨૦૧૮-૧૯ માં ૦.૯ ટકા રહી છે. આ 'શ્વેતપત્ર' ખૂબજ યોગ્ય સમયે જારી કરવામાં આવતા સમ્મિલીત શિક્ષણને પૂરતું બળ મળશે, તેમજ શાળા છોડી જનાર વિકલાંગ પણ પરત શાળામાં આવશે. હાયર એજ્યુકેશનમાં પણ વિકલાંગ વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયેલ છે. ઉપરોકત વિગત અને 'શ્વેતપત્ર' દ્વારા અપાયેલ બળથી વિકલાંગ માટેનું શિક્ષણ, તેમજ રોજગારની તકો વિકસશે, તેવી અપેક્ષા શ્વેત પત્રમાં રખાય છે.

**સૌજન્ય : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા**

## યુનિ. પ્રવેશમાં દિવ્યાંગોને ૫ %, ભરતીમાં ૪ % અનામત મળશે

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિ. ની એકિઝકયુટીવ કાઉન્સિલની ખાસ સભા યોજાઈ ગઈ, જેમાં યુનિ. ની પ્રવેશ પ્રક્રિયામાં ૫ ટકા અને ભરતીમાં ૪ ટકા અનામત, માનદંડક (બેન્ચ માર્ક) દિવ્યાંગજનો માટે અનામતનો લાભ આપવાનું સર્વાનુમતે ઠરાવાયું હતું.

**સૌજન્ય : સૌરાષ્ટ્ર સમાચાર**

## બહેન બોલી નથી શકતી તો ભાઈએ તેના માટે એપ બનાવી

**બહેનના અનુભવથી JEE એડવાન્સમાં ૮૮મો રેન્ક લાવનારા તેજસે એપ બનાવી**

તેજસની નાની બહેન સૌમ્યાને જન્મથી જ સેરેબ્રલ પાલ્સીની કેટેગરીની હાયપોક્સિક **સ્પેશ્ચેમિક એનસિફેલોપેથી** નામની બિમારી છે, જેના કારણે એક વર્ષની ઉંમરથી જે તેણે હાયપરબેરિક ઓક્સિજન અને સ્પીચ થેરાપી લેવી પડતી હતી. તેજસે જણાવ્યું કે, તેણે તેના મેન્ટર આશિષ અરોરાની મદદથી સ્વર (SVAR) એપનું બેઝિક વર્ઝન લોન્ચ કર્યું છે. તેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી એ જાણી શકાય છે કે આપણે બોલી રહ્યા છીએ તે શબ્દ સાચો છે કે ખોટો ?

**સૌજન્ય : સૌરાષ્ટ્ર સમાચાર**

## ટોકયો પેરાલિમ્પિક-૨૧ : દબંગ દિવ્યાંગ

મહેસાણા નજીક ખેરાલુ નજીક સુંઢીયા ગામની વતની અને હાલ અમદાવાદ ખાતે રહેતી ૩૪ વર્ષિય ભાવિના પટેલે **ટોકયો પેરાલિમ્પિક-૨૧**માં ટેબલ ટેનિસ મહિલા સિંગલ્સમાં સિલ્વર મેડલ જીતેલ. જેની વધામણીમાં ગુજરાત સરકારે ૩ કરોડ રૂપિયા, ટેબલ ટેનિસ ફેડરેશને ૩૧ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી. ભાવિના પટેલ ૧ વર્ષની હતી ત્યારે પોલિયો થઈ ગયેલ, ૪ વર્ષની ઉંમરમાં સર્જરી કરાયેલ, પણ કાળજી નહીં કરાતા તેમણે આખી જિંદગી વ્હીલચેર પણ આવવું પડયું હતું. આજે ભારતનું નામ ઉજ્જવળ કરનાર પેરાલિમ્પિક ટેબલ ટેનિસ ખેલાડી ભાવિના એચ. પટેલ હાલ ESIC ની અમદાવાદ ઓફિસમાં મહેસૂલ વસૂલી સેલમાં આસિસ્ટન્ટ હેડ કલાર્ક સ્વરૂપે કાર્યરત છે. તેણે સરકારની **મેરીટોરિયસ સ્પોર્ટ્સ પર્સન** યોજના હેઠળ નોકરી મેળવી હતી. મહેસાણા જિલ્લાના સૂઢિયા ખાતે કટલરીની દુકાન ચલાવતા હસમુખભાઈ પટેલની દીકરી ભાવિના પટેલને બચપણથી જ ટેબિલ ટેનિસની રમતમાં રસ હતો. બાળવયે જ લકવાના કારણે બન્ને પગ ગુમાવતા તેણીએ દિવ્યાંગ મહિલાઓની આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેઓ સંસ્કૃત વિષય સાથે ગ્રેજયુએટ છે.

**સૌજન્ય : સૌરાષ્ટ્ર સમાચાર**

# ૧ ઓક્ટોબર '૨૧ થી ૩૧ ઓક્ટોબર '૨૧ સુધીના દાતાઓની યાદી

## P. N. R. SOCIETY

### 80-G

| | |
|---|---|
| Shri Ankit Traders - Bhavnagar | 5,000 |
| M/s. Innerwheel Club Of Bombay Queen's Necklace Charitable Trust - Mumbai | 1,50,000 |
| Shri Sujan Charity Trust - Mumbai | 1,50,000 |
| Shri Bhartiya Majdoor Sangh - Bhavnagar | 1,100 |
| M/s. Well Wisher - Bhavnagar | 5,042 |
| Shri Gaurangini Dalsinh Katara - Bhavnagar | 7,000 |
| Shri Shreyas Pracharak Sabha - Mumbai | 50,000 |
| Shri Gordhanbhai Lakhabhai Dabhi - Malanka,Bhavnagar | 3,100 |
| Shri Rashmi V.Shah - Mumbai | 2,000 |
| Shri D. R. Purohit - Bhavnagar | 5,000 |
| The Dalal Family Charitable Foundation - Mumbai | 9,50,000 |
| The Dalal Family Charitable Foundation - Mumbai | 9,45,000 |
| The Dalal Family Charitable Foundation - Mumbai | 9,45,000 |
| Shri Rajni Vasoya - Ahmedabad | 5,000 |
| Shri Nikeon Corporation - Mumbai | 1,11,000 |

### CSR

| | |
|---|---|
| The Associated Auto Parts Private Limited - Mumbai | 1,50,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | |
|---|---|
| Shri Sanjay Jivrajbhai Kukadiya - Royal | 1100 |
| Shri Jay Adinath Bhakti Group - Bhavnagar | 6000 |
| Late Savitaben Lavjibhai Moradiya - Bhavnagar | 3300 |
| Shri Vibhaben Ajaybhai Doshi - Bhavnagar | 10000 |
| Shri Ajaybhai R Barad - Bhavnagar | 3000 |
| Shri Kaushikbhai R Joshi - Bhavnagar | 1600 |
| Shri Kaushalbhai H Mehta - Bhavnagar | 1800 |
| Shri Rotary Club Of Puna University Charitable Trust - Pune | 20000 |
| Shri Nirmalaben Talakchand Shah - Bhavnagar | 50000 |
| Shri Microsign Products - Bhavnagar | 6500 |
| Late Deepakbhai B Rijaya - Bhavnagar | 6000 |
| Shri Sanjaybhai Patel - Bhavnagar | 10500 |
| Shri Gunvantray Bhanjibhai Makwana-Bhavnagar | 21000 |
| Shri Premilaben V Pandya - Bhavnagar | 4200 |
| Dr. Shri Kamleshbhai H Shah - Bhavnagar | 4500 |
| Shri Hansaben Kishorbhai Oza - Bhavnagar | 4000 |
| Shri Rajan Govindram Bhatia - Mumbai | 1001 |
| Shri Niha Shrenikbhai & Nishra Shrenikbhai Shah - Bhavnagar | 1600 |
| Shri Harshadray Vrajlal Shah - Mumbai | 12500 |
| Shri Jasumatiben Chimanlal Vasa C/O. Jayeshbhai Vasa - Mumbai | 10000 |
| Late Gunvantrai Hargovinddas Kanakiya - Bhavnagar | 10000 |
| Shri Ritaben Milanbhai Shah - Mumbai | 3333 |
| Shri Baldev Kanaiyalal Damani - Ahmedabad | 25000 |
| Shri Charuben Pankajbhai Shah - Bhavnagar | 14000 |
| Shri Atulbhai Goswami - Bhavnagar | 5000 |
| Shri Kamleshbhai R Sheth (Sheth Brothers) - Bhavnagar | 15000 |
| Shri Gulamhusain K Pathan - Bhavnagar | 121000 |
| Shri Pranav Hrushikesh Mehta - Bhavnagar | 20000 |
| Shri Sonal Pranav Mehta - Bhavnagar | 20000 |
| Shri Induben V Shah - Bhavnagar | 1000 |
| Late Jayeshbhai Rugnath Thar (Gogha Wala) - Mumbai | 10000 |
| Shri Lallubhai Nemchandbhai Doshi - Mahuva | 1000 |
| Shri Rajnikantbhai Ratilalbhai Khand Wala - Bhavnagar | 8000 |
| Shri Ullhas Chandrakant Pay Master - Mumbai | 51000 |
| Shri Vamanbhai Trivedi - Bhavnagar | 2000 |
| Shri Rajendrabhai S Parmar - Bhavnagar | 7000 |
| Shri Swati (Jayshriben) Vijaykumar Shah - Mumbai | 7000 |

## ANKUR SPECIAL SCHOOL FOR M. R. CHILDREN

| | |
|---|---|
| Shri Vadilal Gandhi Foundation - Mumbai | 2600000 |
| The New Piece Goods Bazar Co. Ltd.-Mumbai | 1000000 |
| Ms. Unified Deta-Tech Soluction Pvt. Ltd. - Mumbai | 126000 |
| Shri Vireshbhai Desai - U. K. | 72000 |
| Shri Spread A Smile Trust - Mumbai | 51000 |
| Shri Raj Kishorbhai Talor - Vapi | 50000 |
| Shri Bhupendrabhai Shah - Mumbai | 40000 |
| Smt. Vishal Indravadnbhai Bhatt - Mumbai | 25200 |
| Shri Karanbhai Doshi - Mumbai | 25200 |
| Shri Baldevbhai Kanaiyalal Damani-Bhavnagar | 25000 |
| Shri Yogeshbhai Vora - Mumbai | 25000 |
| Ms. Panila Cam Limited - Bhavnagar | 17500 |
| Shri Anandmangal Education And Charitable Trust - Bhavnagar | 16500 |
| Shri Romal Bharatkumar Patel - Navsari | 15000 |
| Shri Divyakantbhai Shah - Mumbai | 15000 |
| Shri Nareshkumar Oza - Mumbai | 12600 |
| Shri Small Vendar - Bhavnagar | 11100 |
| Smt. Chintanben Nakrani - Bhavnagar | 11000 |
| Shri Bharatbhai Shah - Mumbai | 11000 |
| Smt. Bharatiben Sanghavi - Mumbai | 11000 |
| Shri Chirag Prafulbhai Parekh - Bhavnagar | 10500 |
| Shri Ashokbhai Govindbhai Rupani-Bhavnagar | 10000 |
| Shri Ketanbhai Daftari - Mumbai | 9900 |
| Smt. Ushaben Pravinbhai Parekh - Bhavnagar | 9000 |

| | |
|---|---|
| Shri Pravinbhai H. Parekh - Bhavnagar | 9000 |
| Shri Kamleshbhai R. Sheth - Bhavnagar | 7560 |
| Shri Smrutiben Suketubhai Gandhi - Mumbai | 7500 |
| Shri Manas Rajeshbhai Timani - Bhavnagar | 5001 |
| Shri Ramnikbhai P. Chandaliya - Bhavnagar | 5000 |
| Shri Khushali Bhavikbhai Patel - Bhavnagar | 5000 |
| Smt. Bhavnaben Mehta - Thane | 5000 |
| Shri Bipinbhai Sevantilal Shah - Ahmedabad | 5000 |
| Smt. Hina Mihir Mehta - Mumbai | 5000 |
| Smt. Ilaben Jayeshbhai Thar - Mumbai | 5000 |
| Shri Kamlbhai P. Vaishnav - Mumbai | 5000 |
| Ms. Amol Capital Market - Mumbai | 5000 |
| Shri Pragneshbhai Pandya - Vadodara | 5000 |
| Dr. Bharatbhai Panchal - Bhavnagar | 5000 |
| Shri Sanjaybhai Sonani - Bhavnagar | 4800 |
| Smt. Bhavnaben Satishbhai Parekh - Bhavnagar | 4000 |
| Smt. Ritaben Milanbhai Shah - Mumbai | 3333 |
| Smt. Alkaben Anilbhai Shah - Bhavnagar | 3000 |

## BHAVNAGAR NAVJAWAN SANGH

**Dt. 1-09-21 to 31-10-21**

| | |
|---|---|
| Shri D. K. Ajmera Foundation Trust - Mumbai | 1,00,000 |
| Shri Chemicone Chemical Industries - Palghar (Maharastra) | 2,51,000 |
| Shri Bakulaben Balkrishna Mehta - Bhavnagar | 11,000 |
| Shri Dilipbhai Gokuldas Udeshi - Mumbai | 15,000 |
| Shri Kilitch Healthcare India Ltd. - Mumbai | 11,000 |
| Shri Sol Mobiles Private Limted - Mumbai | 1,25,000 |
| Shri K.L. Institute For The Deat - Bhavnagar | 10,000 |
| Shri Unique Medicines - Bhavnagar | 5,000 |
| Shri Ajmera Charitable Trust - New Delhi | 5,00,000 |
| Smt Dayaben Girjashankar Sheth Trust - Mumbai | 25,000 |

# ‘કોર્પસ ફંડમાંથી સહાય’




શ્રી કે. એલ. બહેરાં-મૂંગા સંસ્થામાં આર્થિક રીતે પછાત કર્મચારીઓના કુટુંબના નિભાવ માટે ચાલતી **શ્રીમતી વિમળાલક્ષ્મી રમણલાલ ઓ. સંઘવી સ્ટાફ વેલફેર** ના લાભાર્થીઓ પોતાના કુટુંબ સાથે આનંદ-ઉલ્લાસપૂર્વક વર્ષ ૨૦૨૧ની દિવાળીનો તહેવાર ઉજવી શકે, તે માટે આ ફંડના વ્યાજમાંથી કુલ ૫૯ લાભાર્થીઓને દરેકને બે જોડી નવા કપડા (શર્ટ-પેન્ટ, ડ્રેસ, કુર્તી,સાડીઓ), ૫ કિ. ખાંડ, ૧ કિ. ચોળાફળી, મઠીયા અને ફાફડાના પેકેટ-૧, લાભ-શુભ, સ્વસ્તિક પગલા, કુંભ, રંગોળી, મીઠાઈ દરેકને ૧ કિ. ફરસાણ ૨ પેકેટ આપેલ છે. દરેક કર્મચારીઓને દિવાળી અને નૂતનવર્ષની શુભેચ્છા સંસ્થાના વેલફેર ઓફિસર શ્રીમતી બિન્દીબેન ત્રિવેદીએ પાઠવેલ.

ભાવનગરમાં વસતા આર્થિક રીતે પછાત બહેરાં-મૂંગા કુટુંબના નિભાવ માટે ચાલતી **શ્રીમતી રશ્મિ-મનહર સહાયનિધિ કોર્પસ ફંડ** ના લાભાર્થીઓ પોતાના કુટુંબ સાથે




આનંદ-ઉલ્લાસપૂર્વક વર્ષ ૨૦૨૧ની દિવાળીનો તહેવાર ઉજવી શકે, તે માટે આ ફંડના વ્યાજમાંથી કુલ ૮૩ બહેરાં-મૂંગા લાભાર્થીઓ તથા તેમના ૩૫ બાળકોને દરેકને ૨ જોડી નવા કપડા (શર્ટ-પેન્ટ, ડ્રેસ, કુર્તી, સાડીઓ, ૫ કિ. ખાંડ, ૧ કિ. ચોળાફળી, મઠીયા અને ફાફડાના પેકેટ-૧, લાભ-શુભ, સ્વસ્તિક પગલા, કુંભ, રંગોળી, મીઠાઈ દરેકને ૧ કિ. ફરસાણ ૨ પેકેટ આપેલ છે. આ ઉપરાંત શ્રીમતી ભારતીબેન હરેશભાઈ અજમેરા ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી કુલ ૧૪૧ લાભાર્થીને દરેકને રૂા. ૧૦૦૦/- તેમના બેન્કના ખાતામાં જમા કરવામાં આવ્યા. આ **દિવાળી ઉત્સવ વિતરણ** શ્રી સોનલબેન પ્રણવભાઈ મહેતા, શ્રી કમલેશભાઈ શેઠ (શેઠ બ્રધર્સ), શ્રી ચારૂબેન પંકજભાઈ શાહ, શ્રી અતુલભાઈ ગોસ્વામી, શ્રી ચિરાગભાઈ પટેલ, શ્રી આશિષભાઈ પટેલ, શ્રી જાગૃતિબેન કિશોરભાઈ શેઠ અને ઈન્ટર વ્હીલ કલબ ઓફ ભાવનગર તથા શ્રી વસુબેન શાહ સર્વના સહયોગથી સફળ થયેલ છે. સમગ્ર આયોજન સફળ કરવામાં શ્રીમતી બિન્દીબેન ત્રિવેદીએ જહેમત લીધેલ છે.

# તસ્વીર સમાચાર









## નવરાત્રીની ઉજવણી





Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2019-21 ◆ Monthly
Date of Publication : 15 December-2021 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com